પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૮૨ | ૨૪ ડિસેમ્બર, ૨૦૨૧, શુક્રવાર; માગશર વદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઓમિક્રોનના વધતા કેસથી દેશમાં ચિંતા

## ભારતમાં ઓમિક્રોનના ૩૧૨ કેસ : ત્રીજી લહેરની શક્યતા, બીજી લહેર કરતા ઓછા કેસ આવશે : ડેલ્ટા વેરિએન્ટ કરતા ઓમિક્રોનની સંક્રમણ ફેલાવવાની ક્ષમતા ત્રણ ગણી

નવી દિલ્હી, તા.૨૩

કોરોનાના સૌથી વધારે સંક્રમણ ફેલાવતા વેરિએન્ટ ઓમિક્રોનના કેસ ભારતમાં વધી રહ્યા છે અને તેના કારણે દેશમાં કોરોનાની ત્રીજી લહેર આવે તેવી શક્યતા છે.

ભારતમાં અત્યાર સુધી ઓમિક્રોનના ૩૧૨ કેસ સામે આવ્યા છે અને આ સંખ્યા રોજ વધી રહી છે.કેન્દ્ર સરકાર પણ રાજ્ય સરકારોને ચેતવણી આપી ચુકી છે કે, ડેલ્ટા વેરિએન્ટ કરતા ઓમિક્રોન વેરિએન્ટની સંક્રમણ ફેલાવવાની ક્ષમતા ત્રણ ગણી છે.

નેશનલ કોવિડ સુપર મોડલ કમિટિના સભ્ય વિદ્યાસાગરે ન્યૂઝ એજન્સી સાથે વાતચીતમાં કહ્યુ હતુ કે, ભારતમાં આગામી વર્ષની શરુઆતમાં ત્રીજી લહેર આવે તેવી શક્યતા છે.જોકે લોકોમાં મોટા પાયે ઈમ્યુનિટી વિકસી હોવાથી બીજી લહેરની તુલનામાં આ લહેર હળવી હશે પણ ત્રીજી લહેર આવશે તે નિશ્ચિત છે.

તેમણે કહ્યુ હતુ કે, દેશમાં ૮૫ ટકા લોકોને વેક્સીનનો પહેલો ડોઝ અને ૫૫ ટકા લોકોને બંને ડોઝ મળી ચુકયા છે.વેક્સીનની બચવા કરવાની ક્ષમતા ૯૫ ટકા છે.આ સંજોગોમાં ત્રીજી લહેરમાં એટલા કેસ સામે નહીં આવે જેટલા બીજી લહેરમાં આવ્યા હતા.

આઈઆઈટી પ્રોફેસર વિદ્યાસાગરનુ કહેવુ છે કે, કેટલા કેસ આવશે તે બે બાબત પર નિર્ભર છે.પહેલુ કે ડેલ્ટાથી સંક્રમિત થયેલા લોકોમાં વિકસેલી ઈમ્યુનિટી કેટલી હદે ઓમિક્રોનનો સામનો કરી શકે છે અને બીજુ કે વેક્સીનથી જે ઈમ્યુનિટિ લોકોમાં વિકસી છે તે કેટલી હદે ઓમિક્રોનને બેઅસર કરી શકે છે..આ બંને બાબતો અંગે પૂરતી જાણકારી ઉપલબ્ધ નથી.આમ છતા જો દેશમાં કોરોનાની ત્રીજી લહેર આવે તો સૌથી ખરાબ સ્થિતિમાં પણ દેશમાં રોજ બે લાખથી વધારે કેસ નહીં સામે આવે.જોકે આ અનુમાન છે અને ભવિષ્યવાણી નથી.

## પ્રલય મિસાઈલનું સફળ પરીક્ષણ

નવી દિલ્હી, તા.૨૩

જમીન પરથી જમીન પર માર કરતી પ્રલય મિસાઈલનુ આજે ફરી એક વખત સફળ પરીક્ષણ કરવામાં આવ્યુ છે.આમ ભારતે સતત બીજા દિવસે આ મિસાઈલનુ પરિક્ષણ કર્યુ છે. ભારતના ઈતિહાસમાં આવું પહેલી વખત થયું છે. આ મિસાઈલનુ ઓરિસ્સા તટ પર ડો.અબ્દુલ કલામ ટાપુ પરથી પરિક્ષણ કરાયુ હતુ.સૂત્રોના કહેવા પ્રમાણે આ મિસાઈલ અંગે ડીઆરડીઓ દ્વારા ૨૦૧૫માં ચર્ચા કરવામાં આવી હતી.તેના વાર્ષિક રિપોર્ટમાં કહેવામાં આવ્યુ હતુ કે, પ્રલય મિસાઈલ ચીનની બેલેસ્ટિક મિસાઈલનો સામનો કરવા માટે સક્ષમ છે

## લુધિયાણાની કોર્ટમાં બ્લાસ્ટ

### બેનાં મોત, ચાર ઘાયલ : વકિલોની હડતાળ ચાલી રહી હોવાથી કોર્ટમાં વધારે ભીડ નહોતી, કોર્ટના બીજા ફ્લોર પર આ બ્લાસ્ટ થયો

લુધિયાણા, તા.૨૩

દિલ્હી બાદ હવે લુધિયાણાની કોર્ટમાં બ્લાસ્ટ થયો છે.જેમાં બે વ્યક્તિના મોત થયા છે અને ચાર ઘાયલ થયા છે.

ધડાકાના અવાજ બાદ ચારે તરફ દોડધામ મચી ગઈ હતી.આ બ્લાસ્ટ કોણે કર્યો તે અંગે પોલીસ હજી અંધારામાં છે.પંજાબના સીએમ ચરણજિત સિંહ ચન્ની લુધિયાણા જવા માટે રવાના થઈ ગયા છે. દરમિયાન પોલીસ સ્થળ પર પહોંચી છે.કોર્ટના બીજા ફ્લોર પર આ બ્લાસ્ટ થયો હતો.જાણકારી પ્રમાણે આ બ્લાસ્ટ લુધિયાણા કોર્ટની કોપી બ્રાન્ચમાં થયો છે.જોકે



હાલમાં વકિલોની હડતાળ ચાલી રહી હોવાથી કોર્ટમાં વધારે ભીડ નહોતી.નહીંતર મોતનો આંકડો વધવાની શક્યતા હતી.

ધડાકો એટલો શક્તિશાળી હતો કે ૬ માળની બિલ્ડિંગ હચમચી ગઈ હતી.એક કિલોમીટર સુધી તેનો અવાજ સંભળાયો હતો.આ બ્લાસ્ટ પાછળ કોઈ કાવતરુ હોવાની પણ શક્યતા છે.બ્લાસ્ટ કોર્ટના વોશરુમમાં થયો હોવાનુ બહાર આવ્યુ છે. બ્લાસ્ટના પગલે કોર્ટ પરિસરની સુરક્ષા પર પણ સવાલો ઉભા થયા છે. બ્લાસ્ટ કરવા

● અનુસંધાન પાન-૭ પર

## દિલ્હી એરપોર્ટ પર ૫માંથી ૧ યાત્રી ઓમિક્રોનથી સંક્રમિત

### ઓમિક્રોને સરકારની ચિંતા વધારી દીધી : દેશમાં કુલ ૩૧૨ કેસોમાંથી લગભગ ૨૭% કેસ દિલ્હીમાં

નવી દિલ્હી, તા.૨૩

કોરોના વાયરસના વેરિએન્ટ ઓમિક્રોને સરકારની ચિંતા વધારી દીધી છે. ઈન્સ્ટીટ્યુટ ઓફ જિનોમિક એન્ડ ઈન્ટીગ્રેટિવ બાયોલોજી (આઈજીઆઈબી)ના જણાવ્યા પ્રમાણે ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પરીક્ષણ કરાયેલા દર ૫ મુસાફરોમાંથી એક કેસ ઓમિક્રોનનો મળી રહ્યો છે.

મીડિયા રિપોર્ટ અનુસાર એક વરિષ્ઠ વૈજ્ઞાનિકે કહ્યું કે આઈજીઆઈબીમાં દરરોજ ૧૫થી ૨૦ નમૂનાઓ સિક્વેન્સિંગ કરવામાં આવી રહ્યા હતા. દિલ્હીમાં ૨ ડિસેમ્બરે પરત ફરેલા ૩૭ વર્ષના વ્યક્તિમાં ઓમિક્રોનનો પ્રથમ કેસ સામે આવ્યો હતો. છેલ્લા ૨૦ દિવસમાં આ સંખ્યા ૫૭ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં આ વેરિએન્ટના નવા ૩ કેસની પૃષ્ટિ થઈ છે જે ડેલ્ટા વેરિએન્ટથી ત્રણ ગણો વધારે સંક્રામક છે.

શરૂઆતમાં ઓમિક્રોન આતંરરાષ્ટ્રીય મુસાફરો સુધી સીમિત હતો પરંતુ એપિડેમિઓલોજિસ્ટ્સે જણાવ્યું કે, છેલ્લા એક અઠવાડિયામાં કોવિડ-૧૯ના કેસોમાં અચાનક થયેલો વધારો જણાવે છે કે, તે સમુદાયમાં પણ ફેલાઈ શકે છે. અમારી પાસે હોસ્પિટલમાં



ઓમિક્રોનના ૧૭ દર્દીઓ દાખલ છે જેમાંથી ૩ દર્દીઓની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નથી.

દેશમાં નોંધાયેલા કુલ ૩૧૨ કેસોમાંથી લગભગ ૨૭% કેસ દિલ્હીમાં છે. દિલ્હી બાદ બધા મહાનગરોમાં જોઈએ તો મુંબઈમાં સૌથી વધારે (૩૦) કેસો છે. લોક નાયક હોસ્પિટલના તબીબી નિર્દેશક ડો. સુરેશકુમારે જણાવ્યું કે, દિલ્હી અને મુંબઈ બંને સૌથી વ્યસ્ત એરપોર્ટ છે જ્યાં રોજ સેંકડો આતંરરાષ્ટ્રીય મુસાફરો આવે છે અને આ જ કારણે બંને શહેરોમાં કેસોની સંખ્યા વધારે છે.

## દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ સ્મરણાંજલિ



સ્વ. રેખાબેન મુકેશભાઈ પટેલ
સ્વર્ગવાસ તા. ૨૪/૧૨/૨૦૧૯

नैनं छिन्दन्ति शस्त्राणी नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥
॥ श्रीमद भगवद गीता २:२३ ॥

આ આત્માને શસ્ત્રો છેદી શકતાં નથી, અગ્નિ બાળી શકતો નથી,
પાણી ભીંજવી શકતું નથી અને પવન સુકવી શકતો નથી.
॥ શ્રીમદ ભગવત્ ગીતા ૨:૨૩ ॥

દ્વિતીય વાર્ષિક પુણ્યતિથિએ
પાવન સ્મરણ સહ શાંતિ પ્રાર્થના....

મુકેશકુમાર દેવીદાસભાઈ પટેલ
(નિવૃત્ત, નાયબ કાર્યપાલક ઈજનેર, ગાંધીનગર)

| | |
|---|---|
| સ્વ. દેવીદાસ ભુરાભાઈ પટેલ | સ્વ. નિરંજનાબેન દેવીદાસ પટેલ |
| ધ્રુવકુમાર દેવીદાસ પટેલ | અરૂણાબેન ધ્રુવકુમાર પટેલ |
| નિસર્ગ મુકેશકુમાર પટેલ | દેવામી નિસર્ગ પટેલ |
| જય મુકેશકુમાર પટેલ | કૃતિ જય પટેલ |
| પરમ જય પટેલ | દિશિતા નિસર્ગ પટેલ |

FIRM

ANANT INFRAPLUS LLP
NIJ INFRA PROJECT
(Govt. Approved Contractor)
SHASWAT PHOTOGRAPHY
ANANYA VASTRAM